# અધ્યાય ૪૬

## કાશી-ગયા-પ્રયાગ-ગમન, અજાજન્મકથા

**શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરુભ્યો નમઃ ।**
**શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ ।**
**શ્રી સદ્ગુરુસાઈનાથાય નમઃ ।**

આ અધ્યાયમાં બાબા, શામાની અગાઉ કાશી-ગયા-પ્રયાગ યાત્રામાં છબીરૂપે કેમ આવી પહોંચ્યા હતા તે કથા તથા બે બકરીના પૂર્વજન્મની બાબાની સ્મૃતિ-કથા વર્ણવી છે.

**ઉપોદ્ઘાત :** હે સાઈ ! આપના ચરણને ધન્ય છે ! આપના સ્મરણને ધન્ય છે ! આપના દર્શનને ધન્ય છે ! એ સર્વ અમને કર્મબંધનમાંથી મુક્તિ દે છે. આપનું સ્થૂળ સ્વરૂપ હયાત નથી, છતાં શ્રદ્ધાળુ ભક્તોને આપ હજુ પણ જીવંત જેવા અનુભવ આપો છો. ઝીણા અદશ્ય તંતુ વડે દૂર દૂરથી ભક્તોને આપના ચરણ નજીક ખેંચી લાવો છો અને પ્રેમાળ માતાની જેમ તેમને ગોદમાં લો છો. આપ ક્યાં છો તેની ભક્તોને ખબર નથી. પણ આપ એવી કુશળતાથી દોરીસંચાર કરો છો કે ભક્તોને લાગે છે કે આપ સહાય કરવા સારુ પીઠ પાછળ જ સદા ઊભા છો. ડાહ્યા, વિદ્વાન, બુદ્ધિમાન લોકો અહંત્વને લીધે સંસારના ખાડામાં પડે છે તેનું છેવટે તો તેમને ભાન થાય છે. પણ સાદા ગરીબ ભક્તોને આપ સહજ બચાવી લ્યો છો. બધી રમત આપ અકળ રીતે રમો છો અને કોઈ વાતમાં કશી લેવા-દેવા ન હોય એવું આપ દેખાડો છો. કર્તા આપ છો, છતાં અકર્તા હોવાનો ડોળ કરો છો. આપનું જીવન કોઈ જાણતું નથી. અમારાં પાપ નષ્ટ કરવા માટે આપનાં ચરણનું શરણ પકડી અમારાં મન-વાણી આપના નામનો જપ કરે એ માર્ગ જ અમારે સારુ ઉત્તમ છે. કામનાવાળા ભક્તોના ભાવ આપ પૂરા કરો છો અને કામનારહિત ભક્તોને અપ્રતિમ સુખ આપો છો. આપના મધુર નામનો જપ જ ભક્તોનું સરળ સાધન છે. એ સાધનથી અમારાં સર્વ પાપ, રાજસ-તામસ-ગુણ નષ્ટ થશે અને ધર્મ તથા સત્ત્વગુણ ઊંચા



આવશે. વિવેક, વૈરાગ્ય તથા જ્ઞાન સ્વતઃ ઉદ્ભવશે. ગુરુભાવમાં જ અમે લીન થશું. આને જ ગુરુનું સંપર્ણ શરણ કહે છે; જેનું નિર્વિવાદ ચોક્કસ લક્ષણ એ છે કે મન સુખમય શાંત બની રહે છે. આવી શરણાગતિ, ભક્તિ, જ્ઞાનની મહત્તા અપૂર્વ છે. શાન્તિ-વૈરાગ્ય-કીર્તિ-મુક્તિ એ સર્વ તેની પાછળ પાછળ જ ચાલ્યાં આવે છે.

ભક્તોનો સ્વીકાર કર્યા પછી બાબા તેની પછવાડે ચાલીને રાતદિવસ સર્વત્ર તેને સહાય કરે છે. ભક્ત ગમે ત્યાં હોય પણ બાબા ગમે તે રૂપે ત્યાં અગાઉથી જ હાજર થઈ જાય છે. નીચે આપેલી કથા આ વાતનું જ દષ્ટાંત છે:

**ગયાની યાત્રા :** કાકાસાહેબે, બાબાના પરિચયમાં આવ્યા બાદ થોડા જ સમયમાં પોતાના મોટા પુત્ર બાબુને નાગપુરમાં જનોઈ દેવાનું નક્કી કર્યું. લગભગ એ જ સમયમાં નાનાસાહેબ ચાંદોરકરે પોતાના મોટા પુત્રનાં લગ્ન ગ્વાલિયરમાં કરવાનો નિર્ણય કર્યો. આ શુભ પ્રસંગનું નિમંત્રણ આપવા માટે દીક્ષિત તેમજ ચાંદોરકર બન્ને બાબા પાસે શિરડી આવ્યા અને બાબાને જાતે પધારવા આગ્રહ કર્યો. ત્યારે બાબાએ કહ્યું, ''આ શામા મારો પ્રતિનિધિ છે. મારા બદલે તેને તમારા જોડે તેડી જાઓ. તેને કાશી-ગયા-પ્રયાગની યાત્રા પણ થશે. અમે શામાની અગાઉ ત્યાં પહોંચી જઈશું.'' બાબાના આ શબ્દો યાદ રાખવા જેવા છે. આથી બાબાની સર્વવ્યાપકતાનું સૂચન થાય છે.

આ શુભ પ્રસંગો પર બાબાની રજા લઈને શામાએ નાગપુર તથા ગ્વાલિયર અને ત્યાંથી કાશી-પ્રયાગ-ગયા જવાનું નક્કી કર્યું. આપ્પા કોતેએ પણ તેની જોડે જ જવાનું ઠરાવ્યું. પ્રથમ જનોઈના પ્રસંગ પર એ બન્ને નાગપુર ગયા, જ્યાં શ્રી કાકાસાહેબ દીક્ષિતે કાશીયાત્રાના ખર્ચ માટે શામાને બસો રૂપિયા આપ્યા. એ પછી તે ગ્વાલિયર લગ્ન પર ગયા. ત્યાં નાનાસાહેબ ચાંદોરકરે આ યાત્રાનિમિત્તે સો રૂપિયા આપ્યા અને તીર્થસ્થળોના ભલામણપત્રો લખી આપ્યા. તેમના વેવાઈ શ્રી જઠારેએ પણ સો રૂપિયા આપ્યા. ત્યાંથી શામા કાશી-અયોધ્યા ગયા. કાશીમાં શ્રી જઠારના લક્ષ્મીનારાયણ મંદિરમાં અને અયોધ્યામાં રામમંદિરમાં ઉતર્યા; જ્યાં શ્રી જઠારના મહેતાજીએ તેમની સારી સરભરા કરી. શામા તથા

કોતે કાશીમાં બે માસ રહ્યા. અયોધ્યામાં ૨૧ દિવસ રોકાયા. ત્યાંથી તે ગયા જવા નીકળ્યા. ટ્રેઇનમાં સાંભળ્યું કે ગયામાં પ્લેગ ચાલે છે. તેથી તેમને ચિંતા થવા લાગી. રાત્રે ગયાના સ્ટેશનમાં ઉતર્યા અને પાસેની ધર્મશાળામાં સૂઈ રહ્યા. સવારે ગયાવાળા ગોરે ધર્મશાળામાં આવીને તેમને કહ્યું કે ''યાત્રીઓ ક્યારના ચાલી નીકળ્યા છે. તમે ઉતાવળ કરો.'' શામાએ તેને અમસ્તું જ પૂછી જોયું કે ''ગયામાં પ્લેગ ચાલે છે કેમ?'' ત્યારે ગયાવાળા ગોરે કહ્યું, ''ના. ના. કશી ચિંતા કે ડર વિના ચાલો અને નજરે જ જોઈ લેજો.'' એ પછી ગોર જોડે ગામમાં ગયા અને ગોરને ઘેર જ ઉતર્યા. એ વિશાળ મોટું મકાન હતું. તેમાં તેમને ઉતારો દીધો. સગવડ જોઈને શામાના આનંદનો પાર રહ્યો નહિ. એ વેળા બાબાએ કહેલા શબ્દો યાદ આવ્યા કે ''કાશી તથા પ્રયાગ ફરીને અમે શામાની પહેલાં ગયા પહોંચી જઈશું.'' આ શબ્દોનું સ્મરણ કરતાં જ શામાની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી અને રૂંવાટાં ઊભાં થઈ ગયાં. ગળું રૂંધાઈ ગયું અને ડૂસકાં ભરવા લાગ્યા. પેલા ગોરને થયું કે નક્કી અહીં પ્લેગ ચાલે છે એવી સાંભળેલી વાત પરથી તે ડરી ગયા છે ને રડે છે. પણ શામાએ તો તેને બાબાની આ છબી ક્યાંથી મળી તે હકીકત પૂછી. પેલા ગોરે ઉત્તર દીધો, ''અહીં ગયા આવનાર યાત્રીઓની સગવડ માટે મારા બસો-ત્રણસો માણસો મનમાડ તથા પુણતાંબે બાજુ ફરે છે. બાબાની નામના મેં તેમની પાસેથી સાંભળી. તેથી બાર વર્ષ પર હું શિરડી ગયો હતો અને બાબાનાં દર્શન કર્યાં હતાં. ત્યાં એક ભક્તને ત્યાં લટકતી બાબાની આ છબી મેં માંગી અને એ ભક્તે બાબાની રજા લઈ આ છબી મને આપી હતી.'' ત્યારે શામાને એ બધી વાત યાદ આવી. આ છબી પોતે જ આ ગોરને આપી હતી તેનું સ્મરણ થયું. અને ગોરને એ વાત કહી. એથી પોતાના પર ઉપકાર કરેલ ભક્ત શામા જ આજે પોતાને ત્યાં અતિથિ બનેલ છે એવું ગયાવાળા ગોરે જ્યારે જાણ્યું ત્યારે તેના હર્ષનો પાર રહ્યો નહિ. પછી તો એ બન્નેએ પ્રેમ-સેવાનો અલભ્ય લાભ લીધો અને ખૂબ આનંદ પામી રાજી થયા. ગયાવાળા ગોરે તેમનું ભારે સ્વાગત કર્યું. તે ખૂબ ધનવાન હતો. તેમને પાલખીમાં બેસાડ્યા અને ફેરવ્યા. તેમજ હાથી પર પણ બેસાડી સન્માન કરી સર્વ સુખ-સગવડ આપ્યાં.



**કથાનો સાર :** બાબાનાં વચન અક્ષરેઅક્ષર સત્ય પડ્યાં. ભક્તના આનંદની સીમા ન રહી. પણ એ વાત બાજુએ રાખો. બાબાનો પ્રેમ તમામ પ્રાણી પર એકસરખો હતો. નીચેની કથા આ વાતનું દૃષ્ટાંત છે.

**બે બકરીઓ :** એક વાર બાબા લેંડીથી પાછા આવતા હતા. એવામાં તેમણે બકરાંનું એક ટોળું જોયું. તેમાંથી બે બકરીઓને જોઈ પાસે જઈ પીઠ થાબડી અને વહાલથી બત્રીસ રૂપિયા આપી તે બન્ને વેચાતી લીધી. બાબાની આ ખરીદી જોઈ ભક્તો અચંબો પામ્યા. તેમને લાગ્યું કે આ સોદામાં બાબા છેતરાયા છે. આ દરેક બકરીના બહુ બહુ તો ચચ્ચાર રૂપિયા બેસે. તેથી બે બકરીના આઠ રૂપિયા થાય. એવું જોઈને બધાએ બાબાના ઉઘડા લીધા. પણ બાબા તો શાંત રહ્યા. તેથી શામા તથા તાત્યા કોતેએ બાબાને આનું કારણ પૂછ્યું. બાબાએ ઉત્તર દીધો, ''મારે કંઈ ઘરબાર કે કુટુંબ નથી. તેથી હું પૈસા ભેગા કરતો નથી. પ્રથમ તો તમે આ પૈસાની ચાર શેર દાળ લાવી મારા આ બે ભક્તોને ખવડાવો.'' એ બકરીઓ દાળ ખાઈ રહ્યા પછી બાબાએ એ બન્ને બકરીઓને પેલા ભરવાડને પાછી આપી દીધી અને બાબાએ એ બે બકરીઓની પૂર્વજન્મની કથા કહી:

''અરે શામા, અરે તાત્યા, આ ખરીદીમાં હું છેતરાયો છું એમ તમે ધારો છો? એવું કંઈ જ નથી, તમે આ બે બકરીની કથા સાંભળો. પૂર્વ જન્મમાં એ બન્ને ભાઈઓ હતા અને મારા મિત્ર હતા. તેથી મારી પડખે જ બેસતા. બન્ને સગા ભાઈ હતા. પ્રથમ તો તેમને એક-બીજા પર પ્રેમ હતો. પણ પછીથી તેઓ દુશ્મન બન્યા. મોટો ભાઈ આળસુ હતો અને નાનો બહુ ચપળ તથા હોશિયાર હતો. તેથી તે ખૂબ પૈસા કમાયો. મોટો લોભી હતો. તેથી નાનાની ઈર્ષ્યા કરવા લાગ્યો અને તેને મારી નાંખીને તેના પૈસા હજમ કરવાનો તેને લોભ લાગ્યો. ભાઈ ભાઈ વચ્ચેનો પ્રેમસંબંધ તે ભૂલી ગયા અને એકબીજા જોડે લડવા લાગ્યા. મોટાએ નાનાનો જાન લેવા ઘણી યુક્તિઓ કરી પણ બધા પ્રયત્ન નિષ્ફળ ગયા. આમ બન્ને કટ્ટા શત્રુ બન્યા. છેવટે એક પ્રસંગે મોટાએ નાનાના માથામાં લાકડીનો સખ્ત પ્રહાર કર્યો અને નાનાએ મોટાને ધારિયું માર્યું. જેથી એ જ સ્થળે બન્નેના પ્રાણ ઊડી ગયા. તેમના કર્મના ફળરૂપે બન્નેને બકરીના અવતાર

મળેલ છે. આજે મારી પાસેથી તે ચાલ્યા જતા હતા. ત્યારે હું તેમને એકદમ ઓળખી ગયો. તેમનો પૂર્વ વૃત્તાંત યાદ આવ્યો. તેમના પર દયા આવી. તેમને દાળ ખવડાવી આરામ આપી સુખી કરવા મેં ઇચ્છા કરી. તેથી મેં તેમના પર આ બધો ખર્ચ કર્યો, જે માટે તમે સૌએ મારો ઉઘાડો લીધો. મારો સોદો તમને પસંદ ન પડ્યો. તેથી એ બન્ને બકરીઓ મેં ભરવાડને પાછી આપી દીધી.'' આ બકરીઓ પર શ્રી સાઈનો આવો પ્રેમ હતો.

**સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્ત હેમાડપંત વિરચિતે**
**શ્રી સાઈસમર્થ સચ્ચરિત્રે 'કાશી-ગયા-પ્રયાગ-ગમન, અજાજન્મકથા'**
**નામ છેતાલીસમો અધ્યાય સંપૂર્ણ ।**
**। શ્રી સદ્‌ગુરુસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।**